

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## પૂજ્ય અશ્વિનભાઈ

નિર્મલ પવિત્ર સાધુ, જન્મજાત સાધુ
જીવન મળ્યું છે તે પ્રભુએ દીધેલું છે તે સમજણ આવી
યોગીબાપાના યોગમાં આવ્યા ને તે સમજણ જીવન બની ગયું
સાહેબજીમાં યોગીજીનાં દર્શન કર્યાં, જીવન સમર્પણ કર્યાં
પોતે પોતાના મટી ગયા
પ્રત્યેક પળ પ્રભુની સેવામાં, પ્રતિક્ષણ પ્રભુની પરાભક્તિમાં
પ્રત્યેક વિચારે પ્રભુને રાજી કરવા ભાવ, પ્રત્યેક વર્તને પ્રભુ સાક્ષી
ક્ષણ પ્રતિક્ષણ સુહૃદભાવનાં દર્શન
પોતે જે કરે તે પ્રભુને ગમે તે જ, અન્યને ગમે તે ન જ કરાય
સંબંધવાળાની સેવામાં સદા રત
કોઈને ખોટું લગાડી પણ રક્ષા કરે, ખોટું લાગ્યું તો તેને માટે ભજન કરે
તે આત્મા વિશેષ પ્રેમભાવે બંધાય, મહિમા વધે ને જીવથી જોડાય
સર્વનું રૂડું કરવું છે તે શુભ દિવ્ય વિચાર, તે મય જીવન તે અનુસાર વર્તન
આવા સત્કર્મથી સાહેબજીને રાજી કર્યા
યોગીજી ને શ્રીજી-સ્વામીને રાજી કર્યા
'સાધુરામ'ની સ્થિતિને પામ્યા
સંબંધનો મહિમા અપાર
બુદ્ધિમાં ઊતરે - ન ઊતરે, પણ સંબંધી આગળ બુદ્ધિ બંધ
મહિમા સમજી સેવા કરે, સાહેબજીને રાજી કરતા રહે
તો અંતર નિર્મળ પ્રકાશિત થયું...
વિચારે મહિમા, વર્તને મહિમા નીતરે
વાણી પ્રવાહે પણ મહિમાગાન
જે સાંભળે તેનાં અંતર ભેદાય
પ્રત્યક્ષ પ્રગટનાં મહિમાગાન
જે સાંભળે તેની ઉપાસના શુદ્ધ થાય
તે સમજી જીવન જીવવા પ્રકાશ પ્રાપ્ત કરે

સૌ જીવ સુખિયા થાય સહજાનંદી બને
સામર્થી તો પ્રભુએ બક્ષિસ દીધી છતાં દાસત્વભાવનું જીવન
પ્રભુને ગમે તે જ કરાય, સ્વધર્મ જાળવીને જ કરાય
હેત માયા દયા પ્રીતિ તે ચલિત ન કરે
આત્મબળ ખરું પણ તેથી વિશેષ પ્રભુનું બળ
તેથી જીવન ચિંતનપ્રધાન, સતત પ્રભુનું અનુસંધાન
તેથી વિચારે પ્રભુનો ભાવ મુખારવિંદે તેનાં દર્શન થાય
સહજ સ્મિત પણ મૂર્તિમાં ખેંચી લે
પ્રભુ મળ્યાની અનુભૂતિ કરાવે
આ નિર્મલ પવિત્ર સાધુ એ પૂર્વના દિવ્ય આત્મા
સાહેબે આપણને ઓળખાવ્યા, આપણે સૌ ધન્ય થયા...
આવા સાધુને જીવ સોંપીએ, તેની આજ્ઞાને જીવન બનાવીએ
તો સાહેબજીના સ્વરૂપનું દિવ્ય દર્શન થાય
તેઓના સમાગમે નિર્દોષ થવાય
સાહેબજી સર્વ પ્રકારે નિર્દોષ મનાય, પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ મનાય
તે સ્વરૂપના સંબંધી સર્વ પ્રભુસ્વરૂપ મનાય
આપણે આ પ્રાપ્તિ માટે મંડ્યા છીએ
હે પ્રભુપરમ ! હે યોગીબાપા !
હે સંતભગવંત સાહેબજી !
આ પરમ ભાગવત સાધુરામ અશ્વિનભાઈ
તે સ્વરૂપે અમને જીવનાં હેત કરાવો
અમારાં ઇન્દ્રિય અંતઃકરણ તેઓની આજ્ઞામાં વર્તે
તેઓની અનુવૃત્તિ આકારે સહજ જીવન જીવે
અમારું સમગ્ર બ્રહ્મભાવે વર્તતું થાય
તેવા દિવ્ય જીવનને સાહેબજીને અર્પણ કરીએ
પરિણામે સાહેબજી રાજી થાય
ને અમારા રોમ રોમ કૃપા કરી બિરાજી રહે
તે કૃપા કરો... તે પ્રાર્થના !
પૂ. અશ્વિનદાદાના અમૃતપર્વે અમારી આ પ્રાર્થના !
સ્વીકારો ને અમને ધન્ય કરો દયાળુ !



૩૧.૧૨.૨૦૧૭